Published Date:	19 Sep 2026	Publication:	Financial Express (Gujarati) [Ahmedabad]
Journalist:	Kshipra Petkar	Page No:	17
Circulation:	23,997		

■ ૧૦૦ ડોલર ઉપર ક્રૂડ, વધતો ફુગાવો અને સરપ્લસ લિક્વિડિટી રેટ વધારા માટેનો મજબૂત કેસ

ફેડ દ્વારા વ્યાજ દર વધારાને પગલે આરબીઆઇની ઓક્ટોબર પોલિસી પર અર્થશાસ્ત્રીઓની નજર

ક્ષિપ્રા પેટકર
મુંબઇ, તા. ૧૮

યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનાં વધારાથી વિશ્લેશકોની નજર આરબીઆઇની ઓક્ટોબ મહિનાની નાણાં નીતિ પર મંડાઈ છે. આરબીઆઇ આવતા મહિને વ્યાજદર વધારશે કે પછી ફુગાવાજન્ય દબાણ વધુ વ્યાપક અને સ્થિર થઈ રહ્યું છે તેનાં સ્પષ્ટ પુરાવાઓની રાહ જોશે તે મુદ્દે અર્થશા-ીઓમાં બે ભાગ પડી ગયા છે. ૧૦૦ ડોલરથી ઉપર પહોંચેલું ક્રૂડ, વધતી જતી વૈશ્વિક ઉપજ અને વિશાળ સ્થાનિક લિક્વિડિટી સરપ્લસે વ્યાજદરમાં વહેલા વધારાનો કેસ મજબૂત કર્યો છે. મોટાં ભાગનાં અર્થશા-ીઓ એ વાતે સંમત થાય છે કે વ્યાજદર વધારો અપેક્ષિત છે, મુખ્ય પ્રશ્ન તેનાં સમયનો છે.

કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપનીના એમડી અને સીઇઓ નિલેશ શાહ વ્યાજદર વધારાનો અવકાશ જોઈ રહ્યા છે. ફુગાવો સતત વધી રહ્યો છે અને તે આરબીઆઇનાં ટારગેટ રેન્જની અંદર હોવા છતાં મધ્યસ્થ બેન્ક પોલિસી રેટ વધારી શકે છે એમ તેઓ જણાવે છે. બજારે રેટ વધારાને ગણતરીકમાં લઈ લીધો છે. ઇકરાનાં ચીફ ઇકોનોમિસ્ટ અદિતી નાયર જણાવે છે કે, ફુગાવાજન્ય દબાણ ચાલુ રહે છે કે નહીં અને વધુ વ્યાપક આધાર ધરાવે છે કે નહીં તેનાં પર દર વધારાનો આધાર છે અને તેમાં ક્રૂડ ઓઇલ મહત્વનું પરિબળ રહેશે. ફુગાવાજન્ય દબાણ દેખાઇ રહ્યું હોવાનાં વધુ પુરાવાને પગલે અમે ડિસેમ્બરમાં દર વધારાની અપેક્ષા રાખી રહ્યા હતા, પણ જો ઓક્ટોબરમાં સમીક્ષા પહેલાં ક્રૂડનાં ભાવ ઊંચા જળવાઈ રહે અને રિટેલ અને અન્ય આઉટપુટનાં ભાવો પર પડવા લાગે તો વ્યાજદરમાં વધારો ઓક્ટોબરમાં જ આવી શકે છે. એક્સિસ કેપિટલનમાં ચીફ ઇકોનોમિસ્ટ પ્રતીક અંચા માને છે કે, ફેડ દ્વારા દર વધારાથી કેલેન્ડર ૨૦૨૬માં ઓક્ટોબર અને ડિસેમ્બર એમ બે વાર મળીને કુલ ૨૫ બેસિસ પોઇન્ટ વધારાનો મજબૂત કેસ છે. એકંદર વધારાના તબક્કાઓમાં ૭૫ બેસિસ પોઇન્ટની અમારી ધારણા છે.

જોકે ક્રિસિલ ખાતે પ્રિન્સિપલ ઇકોનોમિસ્ટ દિમી દેશપાંડે નથી માનતા કે ફેડ દ્વારા વ્યાજદર વધારાથી આરબીઆઇ પણ તેનું અનુસરણ કરશે. તેમણે જણાવ્યું કે, હાલનાં તબક્કે, આગામી પોલિસી બેઠકમાં દર વધારો થાય તેવું અમને નથી લાગતું. અમારું માનવું છે કે, આ નાણાકીય વર્ષનાં અંતમાં વધારો થશે. તે ડિસેમ્બર કે ફેબ્રુઆરીમાં થાય તેનો આધાર ફુગાવાની ટ્રેજેક્ટરી અને બીજા રાઉન્ડની અસરો પર રહેશે એમ તેમણે ઉમેર્યું હતું.

ટાટા એસેટ મેનેજમેન્ટ ખાતે હેડ (ફિક્સ્ડ ઇન્કમ) મૂર્થિ નાગરાજને ફુગાવો અને બેન્કિંગ સિસ્ટમાં વધારાની લિક્વિડિટીને ટાંકીને અપેક્ષા વ્યક્ત કરી કે આરબીઆઇ ઓક્ટોબર મહિનામાં વ્યાજદર વધારવાનું ચાલુ રાખશે.

તેમણે જણાવ્યું કે, આરબીઆઇ સરપ્લસ ફન્ડ ખેંચવા માટે સીઆરઆર (કેશ રિઝર્વ રેશિયો) વધારી શકે છે. બજાર કોર્પોરેટ અને ગવર્મેન્ટ સિક્યોરિટીઝની પ્રવર્તમાન યિલ્ડ પર ૭૫થી ૧૦૦ બેસિસ પોઇન્ટનાં વધારાને ધ્યાનમાં લઈ ચૂક્યું છે. રેપો રેટ અને સીઆરઆરમાં વધારા બાદ પણ બેન્કિંગ સિસ્ટમની લિક્વિડિટી સરપ્લસ રહે તેવી સંભાવના છે એમ તેમણે ઉમેર્યું હતું.

૧૬ સપ્ટેમ્બરનાં રોજ સિસ્ટમમાં લિક્વિડિટી રૂ. ૭.૩૮ લાખ કરોડ હતી, જે ૬ સપ્ટેમ્બરનાં રોજ રૂ. ૧૧.૧૬ લાખ કરોડ હતી. આરબીઆઇ વધારનાં ફન્ડને ખેંચવા માટે વેરિએબલ રેટ રિઝર્વ રેપો (વીઆરઆરઆર) અને ઓપન માર્કેટ ઓપરેશન્સ (ઓએમઓ)નો ઉપયોગ કરી રહી છે.

જોકે, શ્રીરામ રિસર્ચે ચેતવણી આપી હતી કે સ્થાનિક ફુગાવાને કારણે વ્યાજદર વધારી શકાય પણ ઊંચી અમેરિકન યિલ્ડ કે વ્યાજદરમાં તફાવત સાંકડો બને તો આરબીઆઇ પ્રતિક્રિયા ન આપવી જોઇએ.

૭૮૫ અબજ ડોલરનાં ફોરેક્સ એક્સચેન્જ રિઝર્વ સાથે આરબીઆઇ પાસે રૂપિયા પરનું દબાણ સહન કરવા માટે પૂરતી તાકાત છે અને તે સરપ્લસ લિક્વિડિટીનો પણ સામનો કરી શકે છે.

RATE OUTLOOK

- Economists disagree on whether the central bank will raise interest rates next month or wait for clearer signs of entrenched inflation
- Kotak Mahindra AMC's Nilesh Shah says inflation is rising and stresses the market has already priced in upcoming rate hikes
- The timing would hinge on whether inflationary pressures persist and become more broad-based, with crude emerging as a key swing factor



■ The RBI has been using Variable Rate Reverse Repo (VRRR) auctions & Open Market Operations to drain excess funds